# પ્રેમલક્ષણાની ભેળસેળ વિનાનાં ''નિર્ભેળ'' ભક્તિ-ગીતો |

પ્રા. ડૉ. રક્ષાબહેન પ્ર. દવે

[**કે લાગ્યો રંગ હરિ** (કાવ્યસંગ્રહ) : શ્રી પીયૂષ પંડ્યા 'જ્યોતિ', પ્રકાશક : પી. ડી. માલવિયા ટ્રસ્ટ, રાજકોટ, પ્ર. આ. ૨૦૦૭, પૃ. ૧૨+૫૧, કિં. રૂ. ૫૧/-]

એક વાર આ કવિએ કાકલૂદી કરી હતી કે ''કે દેને તારો છંદ હરિ !'' અને હવે માગેલું મળ્યાનો આનંદ વ્યક્ત કરે છે કે ''કે લાગ્યો રંગ હરિ'' અને આ સુખદ પરિણામ થોડાક મહિનામાં જ મળ્યું છે. બન્ને પ્રકાશનોની વચ્ચે બહુ ઝાઝો સમય પસાર થયો નથી.

મીરાંનું એક પદ યાદ આવે : ''મીરાં લાગો રંગ હરિ.'' હરિનો રંગ લાગે પછી દુનિયાનો રંગ ઊતરી જાય. એક બાજુ આકર્ષણ થાય એટલે બીજી બાજુ અપાકર્ષણ થાય જ. મીરાંએ એક પદમાં ગાયું છે કે ''ઊલટ ભયી મોરે નૈનન કી.'' અર્થાત્ મારાં નયનો બદલાઈ ગયાં છે. હરિનો રંગ લાગ્યા પછી નેણાં અને વેણાં બદલાઈ જાય છે. પછી એ કવિને હરિ સિવાય બીજું કશું ગમતું નથી. મીરાં ગાઈ ગયાં છે કે

**''મને મારો રામજી ભાવે રે**
**બીજો મારી નજરે નાવે રે''**

– આવો અનન્યભાવ જન્મ્યો છે કે નહીં ભીતરમાં ? – એવો પ્રશ્ન કવિને તેમના સ્વાધ્યાય માટે પૂછી લઈને હવે થોડી વાત આ કાવ્યોમાં કવિતાની ઘૂઘરી કેવીક વાગી છે તેની કરીએ. ક્યાંક તે મધુરી રણકી છે તો ક્યાંક તે બોદી પણ ખખડી છે.

કુલ ૪૭ કાવ્યો છે તેમાં ક્યાંક હરિની વાતો કરી છે અને ક્યાંક હરિની સાથે વાતો કરી છે તો વળી ક્યાંક પોતાના મનને સંબોધીને 'હરિગુન' ગાવાનો બોધ કર્યો છે. અલબત્ત મીરાં જેવો તલસાટ અહીં ક્યાંય મળતો નથી, પણ આ સાંપ્રતયુગમાં હરિ માટે લગાવ હોવો તે જ બહુ મોટી વાત છે. આ હરિભાવ સાદ્યંત કવિતા-તત્ત્વથી રસાઈ ગયો હોય એવી રચના ઓછી મળે છે; જેમ કે,

- **કે હરિ, મેં તો આપ્યો કોલ** (પૃ. ૧૪)
- **કે હરિ, તમે આજ તો ભારે કરી.** (પૃ. ૧૬)
- **કે હરિ, દીઠા ધારી ધારી** (પૃ. ૨૧)
- **હરિ ! આપો મુને અનહદનો રંગ** (પૃ. ૪૨)
- **કે આવું તો કંઈ કદી હોય હરિ !** (પૃ. ૫૭)

જ્યાં સાદ્યંત કવિતા નથી મળતી તે કાવ્યોમાં કોઈ કોઈ પંક્તિ પાસે કે અંતરા પાસે કે ધ્રુવપંક્તિ પાસે ''સરસ છે'' એવું દર્શાવતું √ ચિહ્ન જરૂર કરી દેવું પડે છે. અને આમ, મેં આખું પુસ્તક આ ચિહ્નોથી ચીતરી નાખ્યું છે.

**કહે તો, હરિ ! મૌન-મિનારે મળું**
**ને કહે તો શબદ-સહારે મળું** (પૃ. ૧૪)

આ પંક્તિઓમાં આત્મનિવેદન ભક્તિ ઝળાહળા થાય છે



**કે આજ પ્રભાતે / ભીતર મારે / ગુંજી અચાનક આનંદ બંસરી**
**ને થયું નક્કી કે તમને ય આવી હશે હરિ**
**જરી જરી યાદ અમરી.** (પૃ. ૧૫)

પ્રભુને મારી યાદ આવી હશે. એ ખ્યાલમાં કેવો મિષ્ટ અહંકાર છે ! આખું કાવ્ય સ્મરણભક્તિનું સરસ દૃષ્ટાન્ત છે.

**ભાંગી ગાંઠોને સડસડાટ વીજ ઝબૂકી**
**પાંખુડી હજાર હજાર જાગીને રણકી.** (પૃ. ૧૬)

દૃષ્ટિ-કલ્પન અને શ્રુતિ-કલ્પનનો સરસ સરવાળો અહીં પ્રાપ્ત થાય છે.

**કે હરિ-નામના સંગે**
**હો અજવાળાં અંગેઅંગે.**

''બત્રીસ કોઠે દીવા થવા'' એ મુહાવરાને કવિએ અહીં કવિતાની ભાષામાં અનુવાદ્યો છે.

**તારો સાથ તો શી લાચારી હરિ !** (પૃ. ૨૫)

અહીં ભક્તિની ખુમારી વાંચનારને પણ ખુમારી પ્રેરે એવી રીતે અભિવ્યક્ત થઈ છે.

**અતિ કુટિલ તવ છલના હરિ !** (પૃ. ૬૦)

આ ધ્રુવપંક્તિ વાંચતાં તો રાજેન્દ્ર શાહનું 'ધ્વનિ'માંનું પેલું કાવ્ય 'બહુરિ કુટિલ તવ છલના' યાદ આવ્યા વિના રહેતું નથી. આખા સંગ્રહમાં કીર્તન- ભક્તિ કલ્લોલે છે.

એક કાવ્યમાં 'અનુભૂતાય', 'ઉત્સવતો' એવા નવા પ્રયોગ પણ કવિની ભાષા-સૂઝનાં દૃષ્ટાન્તો બની શકે તેમ છે. સંસ્કૃતમાં આવા પ્રયોગને ''નામધાતુ'' કહે છે. નામ અર્થાત્ સંજ્ઞા. સંજ્ઞા જ્યારે ક્રિયાપદ બને ત્યારે તે નામધાતુ કહેવાય. 'આનંદવું', 'રસ્તાને વૃક્ષાવવો' વગેરે.

**કે હરિ ! સચ્ચિદાનંદ સાગરે મન ક્રીડા કરે**(પૃ. ૪૬)

''સચ્ચિદાનંદ આનંદ-ક્રીડા કરે'' એ નરસિંહનું પદ યાદ આવે. અહીં કવિનું મન ક્રીડા કરે છે. પણ કવિએ આ દિવ્ય અનુભવ ઝૂલણા છંદમાં ગાયો હોત તો ?

**હરિ ! લાગે મને સ્વપ્ને સર્યા સરીખું,**
**જોઉં જ્યાં ત્યાં તારું જ નામ હું દેખું.** (પૃ. ૩૩)

અહીં ''નામ'' શા માટે લખ્યું ? 'રૂપ' જ લખવું જોઈતું હતું.

**કે સંતો ! વાત હરિની કરતાં કરતાં હરિમય થઈ જઈએ,**
**વિરહાગ્નિ પેટાવી એમાં જલતાં એ અગન સમાં થૈ જઈએ.** (પૃ. ૫૧)

માત્રાઓ વધી જાય છે. કંસારમાં કાંકરી આવ્યા જેવું લાગે છે.

''વિરહાગ્નિમાં જલતાં જલતાં હિરણ્ય જઈ જઈએ.'' એમ ગાયું હોત તો ?

ઘણી ઘણી રચનાઓમાં કવિની ભક્તિ આપણને સ્પર્શી જાય છે પણ માત્રાઓની વધઘટ ખૂંચ્યા વિના રહેતી નથી.''

**હરિ ! તમે કહો એ પૂરણ પામું,**
**અન્ય ગીત ના ગાઉં.**
**તમે વદો તો હૈયું હરખે**

**અવર તણું ના સુણવા જાઉં.** (પૃ. ૫૬)

“અવર ન સુણવા જાઉં.” એમ રાખ્યું હોત તો ? આવું આવું ઘણી ઘણી રચનાઓમાં થયું છે. પણ કવિ હરિ-રસમાં એવા વહ્યા છે કે કવિતા ખોડંગાવા લાગી છે તેનો તેમને ખ્યાલ નથી રહ્યો. છાંદસ લખવાનો મહાવરો પાડો તો શબ્દો અને માત્રાની વધઘટ ન થાય એમ સૂચવવાનું મન થાય. પૃ. ૫૩ ઉપરની રચના અતિશય શબ્દાળુ થઈ ગઈ છે. તેથી સ્વાભાવિકતા અને અકૃત્રિમતા નષ્ટ થઈ ગઈ છે.

વળી પુસ્તકમાં શૈયા, ગૂંજતો, ઉજવતો, ઉછળે, દૂરિત, વિકસીત, ક્રિડા, ખૂલ્લે, ઈચ્છું, ઈશારે એવાં જોડણી-ભૂલોનાં દૃષ્ટાન્તો પણ પુષ્કળ મળે છે.

તો કેટલાક શબ્દો જ્ઞાતિ બ્હારના પ્રયોજાય ત્યારે કવિતા ન જામે એવુંય બન્યું છે, જેમ કે, એક કાવ્યમાં બે વખત ‘તોમાર’ અને એક વખત ‘તમારી’ શબ્દ પ્રયોજ્યો છે. આવો શંભુમેળો શા માટે ?

• **તારી હૂંફની ઉમ્મીદમાં** (પૃ. ૩૮)

• **ઝિલેમિલાતાં** (પૃ. ૩૯) • **ચલતાં ચલતાં** (પૃ. ૫૦)

વાર્તાઓમાં ચન્દ્રકાન્ત બક્ષી છોછ વગર અન્ય ભાષાના શબ્દો પ્રયોજતા, પણ તે શોભતું તો નહોતું જ. કવિતામાં તો ન જ શોભે. એ શબ્દ અતડો લાગે. જોકે ગુજરાતી કવિતામાં ક્યાંક ક્યાંક સંસ્કૃત તથા વ્રજભાષાના શબ્દો શોભે. રાજેન્દ્ર શાહ તથા સુન્દરમ્‌માં તેનાં અનેક દૃષ્ટાન્તો મળે.

અને બહુ ઝાઝી ભૂલો અહીં રેફ સાથે અનુસ્વાર છાપી દેવાની થઈ છે. કદાચ એ ભૂલ પ્રૂફરીડરની છે જેમકે, નર્તંન, કીર્તંન, અર્ણંવ, પરિવર્તંન વગેરે વગેરે બાવન ભૂલો મેં કવિને ચીંધી આપેલી.

પણ એક બાબતના બહુ ધન્યવાદ દેવા છે કે કવિએ આ કાવ્યો ગોપીભાવે નથી ગાયાં. પું.ભાવ છોડી સ્ત્રીભાવ ગ્રહણ કરવાની કશી જરૂર નથી હોતી. એમણે પું.ભાવ જાળવી રાખ્યો છે.

**કે આવું તે કાંઈ કદી હોય હરિ !**
**હું તો ફૂલોને ચૂંટવા રહ્યો**
**સાધન-સુગંધ શોધવા રહ્યો**
**ને તમે આવી અચાનક ચાલ્યા ગયા.** (પૃ. ૫૭)
**કે ધ્યાનથી જાગ્યો ને પછી જાણ્યું** (પૃ. ૫૯)

કવિ પ્રેમલક્ષણાભક્તિથી પર રહીને હરિ-ગીતો ગાઈ શક્યા છે તે ભાગ્યે જ બનતી ઘટના છે. નરસિંહ, દયારામ તથા લગભગ બધા જ ભક્તકવિઓ, આધુનિકો પણ કૃષ્ણને ગોપીભાવે ગાવા બેસી જાય છે. પીયૂષભાઈએ આ પ્રેમલક્ષણાભક્તિની સેળભેળ થવા દીધી નથી તે અભિનંદનીય બાબત છે. તેમની આ નિર્ભેળભક્તિને વંદન.



પરબ • 2010